# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
કાર્યાલય, જિલ્લો :- અરવલ્લી

જિલ્લા સેવા સદન, શામળાજી રોડ,
મુ.મોડાસા, જિ.અરવલ્લી-૩૮૩૩૧૫
ફોન.નં. (૦૨૭૭૪) ૨૫૦૨૦૦, ૨૫૦૨૦૩
ફેક્સ નં. (૦૨૭૭૪) ૨૫૦૨૦૨
Email-collector-arv@gujarat.gov.in


## ધ એપેડેમીક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ ની કલમ-૨ અને ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ-30 તથા ૩૪ હેઠળનું જાહેરનામું.

નં.ડીસી/પીઓએલ-૧/COVID-19/જાહેરનામું/વશી/૧૯૧૯૪થી૧૯૨૩૩/૨૦૨૦ તા.૨૭/૧૧/૨૦૨૦

<u>વાંચ્યો</u>:- (૧) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/03/૨૦૨૦ ના હુકમ :૪૦-૩/૨૦૨૦DM-1(A)

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક:જીપી-૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ.૧/જી, તા.૧૩/03/૨૦૨૦

(૩) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૨૦ ના હુકમ :૪૦-૩/૨૦૨૦ DM-1(A)

(૪) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૦૧/૦૫/૨૦૨૦ ના હુકમ :૪૦-૩/૨૦૨૦ DM-1(A)

(૫) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ :૪૦-૩/૨૦૨૦ DM-1(A)

(૬) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૨/૧૧/૨૦૨૦

(૭) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અરવલ્લી મોડાસા દ્વારા મોકલવામાં આવેલ રીપોર્ટ.

<u>જાહેરનામું</u>:-

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કુલ-૮૫,00,000 થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ આમુખ-(૨) ની વિગતે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. આજ રોજ તા.૨૭/૧૧/૨૦૨૦ના રોજ અત્રેના જિલ્લાના (૧) નાલંદા-૨ સોસાયટી, મોડાસા નગરપાલિકા તા.મોડાસા, જિ.અરવલ્લી (૨) બ્લોક ફેક્ટરી, ગામ સાયરા તા.મોડાસા, જિ.અરવલ્લી, (૩) સર્વોદયનગર ડુંગરી, મોડાસા તા.મોડાસા, જિ.અરવલ્લી, (૪) ધંબોલાફળી, માલપુર તા.માલપુર જિ.અરવલ્લી ખાતે કોરોનાના પોઝીટીવ કેસ નોંધાયેલ છે. આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, અમૃતેશ ઔરંગાબાદકર, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-30 તથા ૩૪ ની રૂએ ફરમાવું છું કે,

નીચે જણાવેલ વિસ્તારને COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરવામાં આવે છે.




Scanned by CamScanner

- COVID-19 નો કેસ મળી આવેલ નાલંદા-૨ સોસાયટી, મોડાસા નગરપાલિકા તા.મોડાસા, જિ.અરવલ્લીના વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.
- COVID-19 નો કેસ મળી આવેલ બ્લોક ફેક્ટરી સાયરા, ગામ સાયરા તા.મોડાસા, જિ.અરવલ્લીના વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.
- COVID-19 નો કેસ મળી આવેલ સર્વોદયનગર ડુંગરી, મોડાસા તા.મોડાસા, જિ.અરવલ્લીના વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.
- COVID-19 નો કેસ મળી આવેલ ધંબોલાફળી, માલપુર તા.માલપુર જિ.અરવલ્લીના વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.
- વધુમાં, COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ વિસ્તારનો ૫(પાંચ) કી.મી ની ત્રિજયામાં આવેલ વિસ્તારને બફર ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે.

<u>ઉક્ત વિસ્તાર માટે નીચે મુજબની અમલવારી કરવાની રહેશે.</u>

(૧) આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ કરવાનું રહેશે.

(૨) આ વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે.

(૩) આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતીઓ ન થાય તે મુજબ નિયંત્રણ મૂકવામાં આવે છે.

<u>-:અમલવારીનો સમય :-</u>

આ હુકમની અમલવારી તા.૨૭/૧૧/૨૦૨૦ ના ૧૮.૦૦ કલાક થી તા.૧૧/૧૨/૨૦૨૦ ના ૨૪:૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કરવાની રહેશે.

<u>-:: અપવાદ::-</u>

(૧) સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ

(૨) આ વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો

(૩) આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો

(૪) આ વિસ્તારમાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજાર

<u>-: શિક્ષા:-</u>

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ , ૧૮૯૭ , ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન -૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કક્ષાના અને તેની ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની બજવણી કરવી વ્યક્તિગત રીતે શક્ય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે. તથા આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવીઝન, કેબલ ટીવી નેટવર્ક તથા લોકો એકત્રિત થતા હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને તથા રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.



Scanned by CamScanner

આજ તારીખ ૨૭ નવેમ્બર ૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

DISTRICT MAGISTRATE ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ARAVALLI DISTRICT MODASA અરવલ્લી ડીસ્ટ્રીકટ મોડાસા

27/11/2020
(અમૃતેશ ઔરંગાબદકર)
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી, મોડાસા

<u>નકલ જયભારત સહ રવાના :-</u>

૧. ઉપસચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરવલ્લી

૩. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અરવલ્લી

૪. પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી ................. જાહેરનામાની નકલો આ સાથે મોકલેલ છે, જે આપના કાર્યક્ષત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનોના નોટીસ બોર્ડ તેમજ જાહેર સ્થળઓએ પ્રસિધ્ધ કરાવી, જરૂરી પગલા લેવા તથા જરૂરી અમલ કરાવવા તેમજ આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનો તથા જાહેર સ્થળોએ આ જાહેરનામાની પ્રસિધ્ધિ થવાનો અહેવાલ તુરતજ અત્રે મોકલી આપવા સારૂ.

૫. રજિસ્ટ્રારશ્રી, નામ.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ અરવલ્લી

૬. નામ. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી અરવલ્લી

૭. નામ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ કલાસ, જ્યુડીશીયલમેજીસ્ટ્રેટશ્રીફ.ક.મોડાસા/ભીલોડા/બાયડ મેઘરજ/ધનસુરા/માલપુર

૮. નાયબ પોલીસ અધિક્ષકશ્રી મોડાસા

૯. સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ્શ્રી મોડાસા, બાયડ

૧૦. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ
.......................... આપના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આ જાહેરનામું પ્રસિધ્ધ કરાવી. પ્રસિધ્ધ કર્યાનો અહેવાલ તુરત મોકલી આપવા સારૂ.

૧૧. તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ
.......................... આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ તલાટી કમ મંત્રીઓ મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવી, આ જાહેરનામું તમામ ગામોએ પ્રસિધ્ધ કરાવી, તમામ ગામોએ પ્રસિધ્ધ કર્યાનો અહેવાલ તુરત મોકલી આપવા સારૂ.

૧૨. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, મોડાસા, બાયડ

૧૩. નાયબ માહિતી નિયામકશ્રી, અરવલ્લી
....... આ જાહેરનામાની પાંચ નકલો સામેલ રાખી મોકલેલ છે. તો જાહેર સેવાના હિતાર્થ વિનામુલ્ય સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રશિધ્ધિ કરાવી પ્રસિધ્ધ થયેલી વર્તમાન પત્રના કટીંગની નકલ અત્રે મોકલી આપવા વિનંતી છે.

૧૪. વ્યવસ્થાપકશ્રી ,સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ,વડોદરા.
૨/- જાહેરનામું ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.



Scanned by CamScanner